# જુનિયર ક્લાર્કની લેખિત મુખ્ય પરીક્ષા પાર્ટ-B માટેની ઉમેદવારની સૂચનાઓ :

## પરીક્ષા તારીખ : 03/૦૨/૨૦૨૬

## પરીક્ષા સમય : ૦૨-૦૦ થી ૦૪-૦૦ ને મંગળવાર

| | |
|---|---|
| ૧ | પરીક્ષા માટેનો આપનો કોલ લેટર આપના ઈ-મેઈલ તથા વ્હોટ્સ અપ મોબાઈલ નંબર પર મોકલેલ છે તે પરીક્ષાના દિવસે ફરજિયાત પ્રિન્ટ કાઢીને લઈને આવવું તથા તાજેતરનો એક પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે લાવવો. |
| ૨ | નિયત સમય પહેલા એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે |
| 3 | ગુજરાત સરકાર અને યુનિવર્સિટીના ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક :કવટ/ISC3/NOC/20413-15 તા:20/09/2025 ની શરતોને આધીન રહેશે. |
| ૪ | . પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે |
| ૫ | કોલેજ કેમ્પસમાં પ્રવેશતા પહેલા દરેક ઉમેદવારોએ પોતાનો વધારાનો સામાન જેવા કે કોઈપણ જાતના ઇલેક્ટ્રીક ઉપકરણો, સાદી કે સ્માર્ટ ઘડિયાળ, પર્સ, મોબાઈલ વિગેરે પરીક્ષા માટે બિનજરૂરી સામાન સાથે કોલેજમાં પ્રવેશ મળશે નહીં. |
| ૬ | પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, સાદી કે સ્માર્ટ ઘડિયાળ, પર્સ, અને મોબાઈલનો ઉપયોગ કરવો નહીં અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહીં. |
| ૭ | દરેક ઉમેદવારે અસલ આધારકાર્ડ, અસલ પાનકાર્ડ, અસલ ચુંટણીકાર્ડ, અસલ ડ્રાઇવિંગ લાઇસન્સ, અસલ પાસપોર્ટ પૈકી કોઈ પણ એક ફોટો પ્રૂફ સાથે લાવવું ફરજિયાત છે અન્યથા પરીક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહીં. |
| ૮ | ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લ્યુ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે.અન્ય કોઈપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહીં. |
| ૯ | આ લેખિત પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના પ્રસ્થાપિત નિયમો મુજબ રહેશે. |
| ૧૦ | પાર્ટ-B ની મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૨૦૦ પ્રશ્નોનાં પ્રશ્નદીઠ ૦૧ (એક) ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની રહેશે. |
| ૧૧ | પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. |
| ૧૨ | ઉમેદવારે બધા પ્રશ્નોનાં જવાબ આપવાના રહેશે |
| ૧૩ | ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટિવ માર્કિંગ પધ્ધતિ લાગુ પડશે |
| ૧૪ | દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે.ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં. |
| ૧૫ | પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટિવ માર્કિંગ) કરવામાં આવશે. |

કાર્યકારી આચાર્ય
શ્રી એસ. એમ. શાહ લૉ કોલેજ
મહેસાણા.

Shri S. M. Shah Law College ★ MEHSANA